# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/247 Dt. 12/12/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા ગુજરાતી ફિલ્મોમાં રોકાણની તકો વિશે સેશન યોજાયું

## ગુજરાતી ફિલ્મ દિગ્દર્શક શ્રી નૈતિક રાવળ અને લેખક–ફિલ્મ નિર્માતા શ્રી પરેશ વોરાએ ગુજરાતી ફિલ્મ નિર્માણની આંટીઘૂંટી અને બિઝનેસ મોડલ વિગતે સમજાવ્યું

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૯ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે ગુજરાતી ફિલ્મોમાં રોકાણની અમૂલ્ય તકો વિશે વિશેષ સત્ર યોજવામાં આવ્યું હતું, જેમાં જાણીતા ગુજરાતી ફિલ્મ દિગ્દર્શક શ્રી નૈતિક રાવલ અને લેખક–ફિલ્મ નિર્માતા –રંગમંચના કલાકાર શ્રી પરેશ વોરાએ માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે ભૂતકાળમાં હું પણ રંગમંચ પર કામ કરતો હતો. આપણે ગુજરાતી ફિલ્મોનો ભવ્ય જમાનો જોયો છે. હવે, અચાનક એક ગુજરાતી ફિલ્મ આવે છે અને ૧૦૦ કરોડની કલબમાં જોડાય છે. જેનાથી સૌ કોઇને આશ્ચર્ય છે. આથી, આજનો કાર્યક્રમ માત્ર જ્ઞાન વૃદ્ધિ માટે છે કે આવી પણ તક હોય છે અને ફિલ્મ ફાયનાન્સિંગમાં કેટલાં બધાં પાસાં સંકળાયેલા હોય છે.

ગુજરાતી ફિલ્મોના દિગ્દર્શક શ્રી નૈતિક રાવળે કહ્યું કે ૨૦૧૦ પછી, ખાસ કરીને કોવિડ પછી ગુજરાતી ફિલ્મો તરફ પ્રેક્ષકો પાછા વળ્યા છે અને ઘણી સારી ફિલ્મો બનવા લાગી છે. ગુજરાતી ફિલ્મોના ટર્નઓવરમાં આ વર્ષે ૩૦૦ ટકાનો વધારો થયો છે. ફિલ્મ મેકિંગ પણ એક બિઝનેસ છે અને એટલે તેમાં અનિશ્ચિતતા અને જોખમો પણ રહેલાં છે. ફિલ્મ ફાયનાન્સનાં મુખ્યત્વે ૪ મોડલ્સ હોય છે, સ્ટુડિયો, ઈક્વિટી, સિંગલ પ્રોડકશન વગેરે.

ફિલ્મ નિર્માણ ઉપરાંત માર્કેટિંગનો ખર્ચ પણ લાગતો હોય છે. ઓછામાં ઓછા ૪ કરોડ હોય તેમણે જ ફિલ્મ નિર્માણ વિશે વિચાર કરવો જોઇએ. એક્ઝિબિશન ચાર્જ પણ નિર્માતાએ ભોગવવો પડે છે. તેમણે ડિસ્ટ્રીબ્યુટર્સની ભૂમિકા સમજાવતા કહ્યું કે હવે આખી ફિલ્મો ખરીદાતી નથી, ફી કે પ્રોફિટ શેરિંગ હોય છે. તેમણે જુદા જુદા રાઈટ્સ વિશે પણ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે એક કરતા દસ ફિલ્મોમાં રોકાણ કરવું સારું.

શ્રી પરેશ વોરાએ કહ્યું કે લાલો ફિલ્મ અપવાદ છે. ધર્મા પ્રોડક્શન જેવા મોટા બેનર પણ હવે ગુજરાતી ફિલ્મો લાવી રહ્યા છે. ઓટીટી પ્લેટફોર્મ અગાઉ બધી જગ્યાએ દાઝી ચૂક્યા છે, હવે સિસ્ટમ બદલાઇ છે. હવે ઓટીટી પણ બૉક્સ ઓફિસ જોઇને ભાવ નક્કી કરે છે. ફિલ્મ પાછળનું કોમર્સ સમજાવતા તેમણે કહ્યું જે તમે ૧૦૦ કરોડના આંકડા સાંભળો છો, પ્રથમ વીકમાં ગુજરાતી ફિલ્મોમાં ૬૫% રેશિયો એક્ઝિબિટર્સ, ૪૫ નિર્માતાનો હોય છે. ગુજરાત સરકાર જેટલું પ્રોત્સાહન કોઇ રાજ્ય સરકાર ફિલ્મો માટે આપતી નથી.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી દીપક કુમાર શેઠવાલા, યુવા કલાકારો અને રોકાણકારો સેશનમાં ઉપસ્થિત રહયા હતા. ઉપરોકત બંને વકતાઓને ઉપસ્થિત યુવા કલાકારો અને રોકાણકારોના વિવિધ સવાલોના ખૂબ જ ખુલ્લા મને સંતોષકારક જવાબો આપ્યા હતા.